જા.નં./મા-૨/જા.પ્ર./૨૦૨૧/ 15607
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત.
તા.૨૪/૧૧/૨૦૨૧

ઉક્ત પત્રની જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ. સુરત.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેરની સરકારી, ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,
જિ.સુરત

ખૂબ જ અગત્યનું / સમય મર્યાદિત
ફક્ત સુરત શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે જ

# જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી
## જિલ્લા સેવા સદન, જૂની કોર્ટ બિલ્ડિંગમાં, બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત.

ફોન : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં. જિનાનિ/વિ.જા./જાતિ પ્રમાણપત્ર/૨૦૨૧-૨૨/૧૯૮૩ થી ૨૧૩૧ તારીખ : ૨૨/૧૧/૨૦૨૧

વિષય : શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં સુરત શહેરની તમામ શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિધાર્થીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.
સંદર્ભ:- વિકસતી જાતિ કલ્યાન ખાતુ, ગુ.રા. , ગાંધીનગર્નો પરિપત્ર ક્રમાંક:- વિજાક/જન/જાપ્ર.૫/૨૦૨૧-૨૨/૩૪૫૦ તા. ૧/૧૧/૨૧

આથી સુરત શહેરની ગુજરાત બોર્ડ અને સેંટરલ બોર્ડની તમામ શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે **શાળા મારફત** જાતિ પ્રમાણપત્ર માટે

૧. સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા. ૨૦/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ પ્રમાણે ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માં ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (બક્ષિપંચ) ના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ ના બોર્ડના પરિણામની સાથે જ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા શિક્ષણ વિભાગ અને મહેસૂલ વિભાગ સાથે પરામર્શ કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની સામેલ યાદી મુજબની ૧૪૬ જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપી દેવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જેમા

૨. ગત વર્ષે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિઓ માટે જાતિ પ્રમાણપત્ર આપવાની કામગીરી તમામ શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકગણ અને બિન શૈક્ષણિક કર્મચારીઓના સહયોગથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે. સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ હતો. જેને કારણે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૦-૨૧ માં સફળતાપૂર્વક જાતિ પ્રમાણપત્ર આપી દેવામાં આવેલ છે. સરકારશ્રીનો આ યોજના પાછળનો આશય એ જ છે કે વિધાર્થીના પિતા/વાલીએ કે વિધાર્થીએ જાતિ પ્રમાણપત્ર મેળવવા માટે એક કચેરીથી બીજી કચેરીએ ધક્કા ખાવા ન પડે અને વહીવટી તંત્ર ઉપર બોજ ન પડે.

૩. સંદર્ભના પરિપત્રથી જાતિ પ્રમનપત્રો તૈયાર કરી સ્બંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમયમર્યાદામા પુરી કરવા તથા તે કક્ષાએ કરવામા આવેલ કામગીરી અંગેની ૧૫-નવેમ્બર, ૩૦-નવેમ્બર, ૧૫-ડીસેમ્બર, ૩૦-ડીસેમ્બર અંતિત આંકડાકિય માહિતી સરકારશ્રીમા રજૂ કરવાની હોઇ સમયમર્યાદામા કામગીરી પૂર્ણ કરવા ખાસ તાકીદ કરવામા આવે છે.

**દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સૂચના ખાસ ધ્યાને લેવા વિનંતી**
**( સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ) બક્ષિપંચ**

**⇨ અરજી પત્રક બાબતે**

૧. નિયત અરજી પત્રક પરિશિષ્ટ-૧ વિધાર્થી / તેના પિતા / વાલી પાસે તૈયાર કરાવવાનું છે. શક્ય છે કે ઘણા વાલીઓ આ અરજી પત્રક ભરવા સક્ષમ નહિ પણ હોય, આવા સંજોગોમાં શાળાના આચાર્યશ્રીઓને ખાસ વિનંતી છે કે તેમની શાળાના શિક્ષકો આ અરજી પત્રકો તૈયાર કરાવવામાં વિધાર્થી / વાલીને માર્ગદર્શક બની રહે અને અરજી પત્રક ભરવામાં મદદરૂપ થાય એવી અપેક્ષા સેવવામાં આવે છે. શિક્ષકગણ પોતાના વિધાર્થીઓનું હિત સારી રીતે સમજી શકે છે એટલા માટે જ આ કામગીરીમાં તેમનું માર્ગદર્શન અને મદદગારી બંને જરૂરી છે.

૨. અરજી પત્રકમાં તમામ કોલમો ભરવામાં આવે તેમાં પાનાં નં.-૨ ઉપર બાહેંધરીની નીચે અરજદાર એટલે કે વિધાર્થિની પૂરી સહી થાય અને તેના પિતા / માતા / વાલીની સહી થાય તેમજ સ્થળ અને તારીખ દર્શાવવી જરૂરી છે.

૩. અરજી પત્રક સાથે વિધાર્થી જે શાળામાં ભણતો હોય તે શાળાએ બોનાફાઇડ સર્ટીમાં વિધાર્થીનું પૂરું નામ, જન્મ તારીખ, જન્મ સ્થળ, જનરલ રજીસ્ટર નંબર અને જનરલ રજીસ્ટર મુજબ જાતિ અને ધર્મ દર્શાવવાનો છે. તેમાં નીચે આચાર્યશ્રીના સહી અને સિક્કા તેમજ ઇસ્યુ કર્યા તારીખ હોવી જરૂરી છે.

૪. વિધાર્થીઓના જાતિ અંગેના આધાર ઉપરાંત તેના પિતાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ થતી હોય તેવા પ્રમાણપત્ર શાળાના આચાર્યાશ્રીએ પ્રમાણિત કરેલ નકલ રજૂ કરવાની છે. જો પિતાના પ્રમાણપત્રમાં જાતિ સ્પષ્ટ લખાયેલ ન હોય તો કાકા, દાદા, ફોઇ પૈકી કોઇપણ એકના ૦૧/૦૪/૧૯૭૮ પહેલા જાતિ સ્પષ્ટ લખેલ હોય તેવા શાળા છોડયાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અથવા તેમની જાતિ સ્પષ્ટ થતી હોય તેવા તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના જન્મ ધરાવતા દસ્તાવેજી પુરાવા રજૂ કરવાના રહેશે.

૫. અરજીપત્રક સાથે વિદ્યાર્થીનું કુટુંબ સુરત જિલ્લામાં વસવાટ કરે છે તે અંગેના આધાર રૂપે રેશનકાર્ડ/ચૂંટણીકાર્ડ
લાઇટબીલ/વેરાબીલ/ટેલિફોન બિલ પૈકી કોઈપણ એકની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. (અરજીમાં દર્શાવેલ સરનામાં મુજબ)
૬. અન્ય રાજયમાથી સ્થળાંતરીત ઉમેદવારના કિસ્સામાં તેમનું કુટુંબ તા. ૦૧/૦૪/૧૯૭૮ કે તે પહેલાથી ગુજરાત રાજયમાં કાયમી
વસવાટ કરતાં હોય તે અંગેના સરકારી રેકર્ડ આધારિત તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના કાયમી વસવાટના રેવન્યુ રેકર્ડ આધારિત પુરાવા
રજૂ કરવાના રહેશે. અરજી પત્રક (પરિશિષ્ટ-૧) ના ક્રમ નં.-૭ માં તેમના વસવાતનું મૂળ રાજ્ય તેમજ ગુજરાતમાં કેટલા વખતથી વસવાટ
કરે છે. તેની વિગતો રજૂ કરવાની રહે છે. વિદ્યાર્થીનો જન્મ સુરતમાં થવાથી તેઓ મૂળ ગુજરાતનાં વતની બની જતાં નથી. તે જ રીતે
અરજી પત્રકના ક્રમ નંબર ૬ માં અરજદારના પિતાનું જન્મ સ્થળ અને મૂળ વતન અવશ્ય દર્શાવવું.
૭. આ તમામ વિગતો અરજી પત્રક સાથે જોડાયેલી હોવી જરૂરી છે. અને **તે પૈકી ઝેરોક્ષ નકલો શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત થયેલી હોવી જરૂરી છે.** અરજી પત્રકમાં ઉપર જમણી બાજુએ ફોટાની જગ્યા રાખેલ છે. ત્યાં વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝ નો
તાજેતરનો પડાવેલ ફોટો લગાવવાનો છે અને તે ફોટા શાળાના આચાર્યશ્રીની સહી/સિક્કાથી પ્રમાણિત કરવાનો છે આ ફોટાની બીજી
કોપી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રમાં જમણી બાજુએ ચોંટાડવાનો છે જો શાળા દ્વારા સ્કેનિંગ કરવાનુ
શકય બને તો તે કરવુ અથવા પાસપોર્ટ સાઇઝનો ફોટો ચોટાંડવા એ બાબતે ખાસ કાળજી લેવી કે અરજી પત્રક ઉપર અને પ્રમાણપત્ર
ઉપર એક સરખા જ ફોટા હોય.
૮. **સુરત શહેરની તમામ શાળાઓની માહિતીની એકસુત્રતા જળવાઇ રહે તે માટે દરખાસ્ત પત્રક Excel Sheet માં બનાવવા**
**એક વિધાર્થિની માહિતી Excel Sheet માં એક જ લાઇન માં શ્રુતિ (Shruti) ગુજરાતી ફોંટમાં તૈયાર કરવાની રહેશે. એક**
**વિદ્યાર્થીની માહિતી માટે એકથી વધુ લાઇનનો ઉપયોગ કરવો નહીં. દરખાસ્ત પત્રકની સોફ્ટ કોપી સી.ડી. અથવા પેન**
**ડ્રાઈવમાં તૈયાર કરીને લાવવાની રહેશે.**
૯. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં અટક અલગ અલગ હોય ત્યારે બંને અટક
અમો ધારણ કરીએ છીએ તેવું વિગતવાર સોગંદનામું ફરજિયાત લેવું.
૧૦. વિદ્યાર્થીના બોનોફાઇડમાં અને પિતા/વાલીના રજૂ કરેલ શાળા છોડયાના પ્રમાણપત્રમાં પિતા/વાલીનું નામ અલગ અલગ હોય
ત્યારે નામફેર અંગેનું સરકારી ગેઝેટની નકલ મેળવવી ફરજિયાત છે.
૧૧. તમામ અરજી ફોર્મ ફાઇલમાં દરખાસ્તના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત ફાઇલ કરી ફાઇલ પર શાળાનું નામ, તૈયાર કરનાર
કર્મચારીનું નામ અને મોબાઇલ નંબર દર્શાવવાનો રહેશે.

**જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવા બાબતે**

સૌપ્રથમ તો એ જોઇ લેવું કે વિધાર્થિની જાતિ/જ્ઞાતિનો સમાવેશ આ સાથે સામેલ પરિશિષ્ટ-૩ મુજબની સામાજિક
અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૧૪૬ યાદીમાં થાય છે કે કેમ? જો સમાવેશ થતો હોય તો તેમનું કોમ્પ્યુટરરાઇઝ્ડ જાતિ
પ્રમાણપત્ર એક નકલમાં તૈયાર કરીને, જે તે **અરજીપત્રક સાથે રાખવું. તેમાં પ્રમાણપત્ર ક્રમાંક..... અને**
**તારીખ.................... શાળાએ દર્શાવવાના નથી. પહેલી લીટીમાં ........... જગ્યામાં ફક્ત વિદ્યાર્થીનું નામ દર્શાવવું,**
**બીજી લીટીમાં ............... જગ્યામાં વિદ્યાર્થીના પિતાનું નામ પછી અટક લખવી. વિદ્યાર્થીનું નામ, પિતાનું નામ**
**અને અટક શાળાના જનરલ રજીસ્ટરમાં લખાયેલ હોય તે મુજબ જ લખવું, ગામ-સુરત, તાલુકો-સુરત, જિલ્લો-સુરત**
**લખાયેલ છે તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં. અને છેલ્લી લીટીમાં........... જાતિ દર્શાવવાની છે.** જાતિની
યાદીમાં દર્શાવ્યા મુજબ જ જાતિ લખવી. દા.ત. વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરમાં કોળી પટેલ લખાયેલ હોય તો સામાજિક
અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં ક્રમ નં-૩૯ મુજબ માત્ર કોળી લખવું. વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરમાં / પિતાના
એલ.સી.માં તળપદા કોળી, ચૂવાળિયા કોળી લખાયેલ હોય તો ક્રમ નં.-૧૬ મુજબ તળપદા કોળી/ચૂવાળિયા કોળી લખવું.
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં જે શબ્દ વપરાયા હોય તે જ શબ્દો લખવા, એ જ રીતે ગોલા રાણા,
મોઢ ઘાંચી, પ્રજાપતિ/કુંભાર, કડિયા વગેરે જ્ઞાતિઓમા પણ કાળજી લેવી. વિદ્યાર્થીના જનરલ રજીસ્ટરમાં માત્ર રાણા લખાયું
હોય તો પિતાનો આધાર મેળવીને ગોલા રાણા દર્શાવવું. ઉપરાંત મોઢ ઘાંચીમાં વિદ્યાર્થી/પિતામાં ઘાંચી, અમદાવાદી ઘાંચી,
સુરતી ઘાંચી, મોઢ વણિક ઘાંચી લખાયેલું હોય તો પણ મોઢ ઘાંચી લખીને જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવું. ક્રમ નં. ૯૯ ઉપર
કુંભાર જાતિ અને તેની પેટા જાતિઓ દર્શાવેલ છે. ઘણા કિસ્સામાં વિદ્યાર્થી/પિતામાં કુંભાર-પ્રજાપતિ અથવા પ્રજાપતિ-
કુંભાર લખાયેલું હોય છે. આવા કિસ્સા માં જાતિ પ્રમાણપત્રમાં જાતિનું સોગંદનામું મેળવીને ફક્ત કુંભાર અથવા પ્રજાપતિ
લખવું. જો એમના આધારમાં વાટલીયા કુંભાર/ સોરઠિયા પ્રજાપતિ/ વાટલીયા પ્રજાપતિ લખાયેલું હોય તો એ જ શબ્દો
જાતિ પ્રમાણપત્રમાં લખવા. આવું જ ગુર્જર ક્ષત્રિય કડિયા/કડિયા/કડિયા કુંભારમાં અનુસરવું. માત્ર ગુર્જર ક્ષત્રિય લખાયેલું
હોય તો જાતિ પ્રમાણપત્ર તૈયાર કરવું નહીં. **ક્રમ નં. ૧૪૦ કાયસ્થ અને ક્રમ નં.૧૪૪ રાજગોર ના કિસ્સામાં અરજી પત્રક**
**સાથે તેમના પિતાનો, વિદ્યાર્થીનો સમાવેશ પંચની સર્વે અંગેની યાદીમાં થયેલ હોય તે અંગેનું પ્રમાણપત્ર અન્ય**

વંચાણમાં લીધા:-

૧. અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક:- જિનાનિ/વિ.જા./ જાતિ પ્રમાણપત્ર/૨૦૨૧-૨૨/૧૯૮૩ થી ૨૧૩૧ તા. ૨૨/૧૧/૨૦૨૧

**જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી**
**જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત**
**ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮**
e-mail : d.dirsurat@gmail.com

**નં.જિનાનિ/વિ.જા/જાતિ પ્રમાણપત્ર/૨૦૨૧-૨૨/૨૧૩૨** **તા. ૨૨/૧૧/૨૦૨૧**

આદેશ:-

વંચાણ (૧) થી સુરત શહેરી વિસ્તારના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વર્ષ ૨૦૨૦-૨૧માં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ અને વિધાર્થીનીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબતે વિગતવાર પરિપત્ર કરવામા આવેલ છે, જાતિ પ્રમાણપત્ર મેળવવાની ફાઇલો રજુ કરવા જણાવેલ છે. કેમ્પના દિવસે અત્રેની કચેરીના વંચાણ મુજબના પરિપત્રમાં આપેલ સુચનાઓ ધ્યાને લઇને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ ના પ્રમાણપત્ર મેળવવા માટેની ફાઇલો લઇને સબંધિત કર્મચારીને કેમ્પના સ્થળે હાજર રાખવા આચાર્યશ્રીઓને જણાવવામા આવે છે.

| ક્રમ | કેમ્પ સ્થળ | કેમ્પની તારીખ | સમય |
|---|---|---|---|
| ૦૧ | એચ.એમ.બી સરદાર હાઇસ્કૂલ, રાંદેર રોડ, અડાજણ (એસ.વી.એસ.-૧) | ૨૦/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૨ | ગુરુકૂળ કુમાર વિધાપીઠ, કાસાનગર, કતારગામ (એસ.વી.એસ.-૨) | ૨૧/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૩ | ટી એન્ડ ટી.વી હાઇસ્કૂલ, નાનપુરા, અઠવાલાઇન્સ (એસ.વી.એસ.-૩) | ૨૨/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૪ | ગુરુકૃપા વિધાસંકુલ, ઉધના (એસ.વી.એસ.-૪) | ૨૩/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૫ | કે.એન્ડ એમ.પી. હાઇસ્કૂલ, અમરોલી (એસ.વી.એસ.-૫) | ૨૪/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૬ | એમ.એન.જે.હાઇસ્કૂલ, વરાછા (એસ.વી.એસ.-૬) | ૨૭/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૭ | એલ.પી.ડી. હાઇસ્કૂલ, પુણાગામ (એસ.વી.એસ.-૭) | ૨૮/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૮ | મહર્ષી આસ્તિક હાઇસ્કૂલ, ગોડાદરા (એસ.વી.એસ.-૮) | ૨૯/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |
| ૦૯ | સી.બી.ભંડારી હાઇસ્કૂલ, મગદલ્લા, ચોર્યાસી (એસ.વી.એસ.-૯) | ૩૦/૧૨/૨૦૨૧ | ૧૧:૦૦ થી ૫:૦૦ |

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

નકલ સવિનય રવાના:-
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તેમજ વેબ સાઇટ પર મુકવા અને તમામ શાળાઓને સુચના આપવા સારૂ
આચાર્યશ્રી તમામ સુરત શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ કેમ્પ મુજબ હાજરી આપવા બાબત

**પછાત વર્ગો માટેનું પંચ-બંગલા નં.-૨૨૮-એ, ખ-ટાઈપ, સેક્ટર-૧૯ ગાંધીનગર ખાતેથી મેળવીને અસલમા રજૂ કરવાનું રહેશે.** જો આવું પ્રમાણપત્ર ન હોય તો કાયસ્થ અને રાજગોરની દરખાસ્ત રજૂ કરવી નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી મુસ્લિમ ધર્મ વાળી જ્ઞાતિઓના કિસ્સામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં દર્શાવ્યા મુજબ જ જ્ઞાતિ લખવી.
દા.ત. ક્રમ નં.-૨૧ ફકીર-મુસ્લિમ, ગધઈ-મુસ્લિમ, ક્રમ નં.-૨૪ ગળિયારા-મુસ્લિમ દરખાસ્તો તૈયાર કરતી વખતે નીચેની સૂચના ખાસ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

**જાતિ પ્રમાણપત્ર દરખાસ્ત ફાઇલ બાબતે.**

આ રીતે તૈયાર કરેલ દરખાસ્તો પરિશિષ્ટ-૫ (પરિપત્ર સાથે રજૂ Excel ફાઇલમાં નમૂનો સામેલ છે.) મુજબ સાશૈપવ (બક્ષિપંચ) જાતિની દરખાસ્તમાં દર્શાવેલ વિદ્યાર્થીના ક્રમાનુસાર ગોઠવીને વ્યવસ્થિત રીતે ફાઇલિંગ કરીને ફાઇલ <u>આ કામગીરીના જાણકાર કર્મચારી સાથે કેમ્પમાં રૂબરૂ માં રજૂ કરવી.</u> **જે શાળામાં બક્ષીપંચ અંગેનું જાતિ પ્રમાણપત્ર મેળવવા પાત્ર એકપણ વિદ્યાર્થી ન હોય તે શાળાઓએ તાત્કાલીક નીલ-રિપોર્ટ આ કચેરીને મોકલી આપવા જણાવવામાં આવે છે.**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર મેળવવા પાત્ર તમામ વિદ્યાર્થીઓના અરજી પત્રકો મેળવી લઈને તેમની દરખાસ્ત આ સાથે સામેલ પરિશિષ્ટ-૫ મુજબ એકંદર પત્રકમાં તૈયાર કરીને રજૂ કરવી. **દરખાસ્તમાં અંતે પ્રમાણપત્રની નીચે આચાર્યશ્રીના સહી / સિક્કા હોવા જરૂરી છે.** તેમાં ક્લાર્ક કે અન્ય કોઈ વ્યક્તિએ સહી કરવાની નથી.
**ચાલુ વર્ષે પણ આપનો સહકાર મળી રહેશે. આ અપેક્ષા સહ.**

(આર.ડી.બલદાણીયા)
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

બિડાણ : ૧. સા.શૈ.પ.વ. જાતિ પ્રમાણપત્રનો નમૂનો
૨. પ્રમાણપત્ર તૈયાર કરવા સૂચના અને માહિતીની Excel File. જાતિની યાદી સાથે
૩. સા.શૈ.પ.વ. જાતિના પ્રમાણપત્ર મેળવવા માટેનું ફોર્મ

નકલ સવિનય રવાના :
૧. મે.નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગુ.રા. ગાંધીનગર તરફ જાણ સારું
૨. મે.કલેક્ટરશ્રી સુરત તરફ જાણ સારું
૩. મે.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ સુરત શહેરની તમામ શાળાઓને સૂચના આપવા સારું તેમજ વેબસાઇટ પર મૂકવા સારું
૪. આચાર્યશ્રી, તમામ સુરત શહેરની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારું અને શાળાના નોટિસ બોર્ડ પર મૂકવા સારું.

વંચાણમાં લીધા:-

૧. અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક:-જિનાનિ/વિ.જા./જાતિ પ્રમાણપત્ર/૨૦૨૧-૨૨/૧૯૮૩ થી ૨૧૩૧ તા. ૨૨/૧૧/૨૦૨૧
૨. અત્રેની કચેરીનો પરિપત્ર ક્રમાંક:-જિનાનિ/વિ.જા./જાતિ પ્રમાણપત્ર/૨૦૨૧-૨૨/૨૧૩૨ તા. ૨૨/૧૧/૨૦૨૧

**જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી**
**જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત**
**ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮**
e-mail : d.dirsurat@gmail.com

**નં.જિનાનિ/વિ.જા/જાતિ પ્રમણપત્ર/૨૦૨૧-૨૨/૨૧૩૩** **તા. ૨૨/૧૧/૨૦૨૧**

આદેશ:-

વંચાણ (૧) થી સુરત શહેરી વિસ્તારના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતા વિધાર્થીઓ અને વિધાર્થીનીઓને શાળા મારફત જાતિ પ્રમાણપત્ર આપવા બાબતે વિગતવાર પરિપત્ર કરવામા આવેલ છે, વંચાણ (૨) થી સુરત શહેરી વિસ્તારમા કુલ ૯ એસ.વી.એસ શાળામાં તા. ૨૦/૧૨/૨૦૨૧ થી કેમ્પનુ આયોજન કરવામા આવેલ છે.

જેમાં કેમ્પના દિવસે શાળાઓએ નીચેની વિગતે પુરાવાઓ સહ અરજીઓની ફાઇલો રજુ કરવાની રહેશે.
૦૧- નિયત નમુનામા સંપુર્ણ વિગતો ભરેલ વિધાર્થીનુ વ્યક્તિગત અરજી ફોર્મ. (ફોર્મ એસ.વી.એસ.શાળા માંથી મેળવવા)
૦૨.- વિધાર્થીનુ બોનોફાઇડ પ્રમાણપત્રની આચાર્યના સહી સીક્કા વાળુ અસલ .
૦૩- તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના જાતિ પ્રસ્થાપિત થતી હોય તેવા પુરાવા વાળુ વિધાર્થીના કાકા, ફોઇ કે દાદાનુ શાળા છોડયાનુ પ્રમાણપત્રની આચાર્યના સહી સીક્કા વાળી ખરી નકલ.
૦૪- જાતિ પ્રસ્થાપિત કરતા પુરાવામા અરજદારના સગા કાકા, ફોઇ કે દાદા સિવાય પિતરાઇ પક્ષના કુટુંબી સગાનો પુરાવો હોય તો પેઢીનામુ. (જેમાં અરજદારનુ નામ તેમજ પુરાવો રજુ કરેલ સગાનુ નામ હોવુ જરૂરી છે.)
૦૫- વિધાર્થીનો હાલનો રહેઠાણનો પુરાવો જેમકે આધારકાર્ડ, ચુટણી ઓળખ કાર્ડ, લાઇટબિલ, ટેલીફોન બિલ,રેશનકાર્ડ, ઘરવેરા બીલ વિગેરેની ખરી નકલ
૦૬- જો વિધાર્થી અથવા પિતા/કુટુંબી અન્ય રાજય માંથી હોયતો તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાથી ગુજરાત રાજયમા રહેતા હોય તેવા કાયમી રહેઠાણના પુરાવા તેમજ જાતિ પ્રસ્થાપિત થતી હોય તેવા તા. ૦૧/૦૪/૧૯૭૮ પહેલાના પુરાવા.
૦૭- વિધાર્થી અને તેના કુટુંબીની અલગ અલગ અટક હોય તો સોગંદનામુ
૦૮- અરજદાર અને તેના કુટુંબીની જાતિ અલગ હોય અને બે કે તેથી વધુ જાતિ બક્ષીપંચમા હોય તો સાચી જાતિ અંગેનુ સોગંદનામુ (દા. ત. અરજદારમા જાતિ પ્રજાપતિ અને કુટુંબી મા જાતિ કુંભાર હોય તો જે જાતિ નો દાખલો મેળવવાનો હોય તેનુ સ્પસ્ટતા માટેનુ સોગંદનામુ)
૦૯- ફાઇલ ઉપર કામ કરતા કર્મચારીનું નામ મો. નંબર અને આચાર્યશ્રીનુ નામ અને મો. નંબર લખવો.
૧૦- જો કોઇ વિવાદીત અરજી હોય અથવા સમજાય તેમ ન હોય તેવા કેસમા અત્રેની કચેરીનો સંપર્ક કરવા જાણાવવુ.
૧૧. તમામ અરજી પુરાવા સહિતની બિડાણો સાથેની ફાઇલ
આમ સદરહુ વિગતો ધ્યાને લઇને કેમ્પના દિવસે કેમ્પના સ્થળે સંબંધિત કર્મચારીને મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

નકલ સવિનય રવાના:-
જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તેમજ વેબ સાઇટ પર મુકવા અને તમામ શાળાઓને સુચના આપવા સારૂ
આચાર્યશ્રી તમામ સુરત શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ કેમ્પ મુજબ હાજરી આપવા બાબત

## પરિશિષ્ટ-૧

### ગુજરાત રાજય

ફોટો

# સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે જાતિ પ્રમાણપત્ર મેળવવા અંગેનું અરજી ફોર્મ

સરકારશ્રીએ જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની જાતિ પૈકી.................................જાતિમાં મારો સમાવેશ થાય છે. મારે રાજય સરકારે જાહેર કરેલ અનામત નીતિનો તેમજ મળવાપાત્ર અન્ય સહાય/લાભો મેળવવા માટે જાતિ પ્રમાણપત્રની જરૂર છે. મારી વિગતો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂં નામ / સરનામું, ટેલિફોન (કોડ નંબરસાથે) મોબાઈલ નંબર | : | |
| ૨ | અરજદારના પિતા/વાલીનું પુરૂં નામ | : | |
| ૩ | અરજદારની માતાનું પુરૂં નામ | : | |
| ૪ | અરજદારની જાતિ/પેટા જાતિ | : | |
| ૫ | અરજદારનું વતન ગામ...............તા.................. જિ............ .....રાજય...................... | : | |
| ૬ | અરજદારના પિતાનું જન્મ સ્થળ / અને મુળ વતન.................તા...............જિ............ રાજય...................... | : | |
| ૭ | બહારના રાજયના હોય તો ગુજરાતમાં વસવાટની વિગતો (મુળ વતનનું રાજય અને ગુજરાતમાં કેટલા વર્ષથી વસવાટ છે.) | : | |
| ૮ | અરજદારના પિતાની જાતિ / પેટા જાતિ અંગેની માહિતી | : | |
| ૯ | જાતિ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ | : | |
| ૧૦ | જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજુ કરેલા આધાર/પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત<br>(૧)<br>(૨)<br>(૩)<br>(૪) | : | |

(પાછળ જુઓ

# બાંહેધરી

મારી ઉપર મુજબની તમામ વિગતો સાચી છે તેની હું ખાત્રી આપું છું. જે ધ્યાને લઈને મને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી. અમોએ મેળવેલ જાતિ પ્રમાણપત્ર અધિકૃત અધિકારી દ્વારા કોઈપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ / નિમણુંક કોઈપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર / વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

અરજદારની પુરી સહી :-

સ્થળ :

(નામ) ______________________

તારીખ : ____________

પિતા/માતા/વાલીની પુરી સહી

(નામ) ______________________

## જાતિ પ્રમાણપત્ર મેળવવા રજુ કરવાના થતા પુરાવા :

(૧) અરજદારનું શાળા છોડયાનું પ્રમાણપત્ર, સક્ષમ અધિકારીને જરૂર જણાય ત્યાં દાદા, પિતા, કાકા, ફોઈ પૈકી કોઈ એકનો જાતિ પુરવાર થાય તેવો દસ્તાવેજ માંગી શકશે.

(૨) વિવાદાસ્પદ/શંકાસ્પદ કિસ્સામાં સક્ષમ અધિકારીને જરૂર જણાય તો જાતિ પુરવાર કરવા માટે તા. ૧-૪-૧૯૭૮ પહેલાના આધારભૂત પુરાવા રજુ કરવાના રહેશે.

(૩) અન્ય રાજયમાંથી સ્થળાંતરિત ઉમેદવારના કિસ્સામાં તા. ૧-૪-૧૯૭૮ કે તે પહેલાંથી ગુજરાત રાજયમાં કાયમી વસવાટ હોવા અંગેના સરકારી રેકોર્ડ આધારિત પુરાવા રજુ કરવાના રહેશે.

(૪) રહેઠાણના પુરાવા :- રહેઠાણના પુરાવા તરીકે લાઈટબીલ, ટેલિફોન બીલ, રેશનકાર્ડ, ઘરવેરા બીલ, ચૂંટણી ઓળખકાર્ડ, આધારકાર્ડ વગેરે આધારભૂત પૈકી કોઈપણ એકની નકલ

ખાસ નોંધ :-

(૧) અરજદારને ફોટા સાથે પ્રમાણપત્ર આપવાનું હોવાથી અરજદારે પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે સ્વયં આવવાનું રહેશે.

### ફકત કચેરી ઉપયોગ સારૂં

| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રમાણપત્રના અરજદારનું પુરૂં નામ | : | |
| ૨ | જાતિ / પેટા જાતિ | : | |
| ૩ | પ્રમાણપત્ર આપેલ હોય તો નંબર / તારીખ | : | |
| ૪ | પ્રમાણપત્ર ન આપેલ હોય તો ટૂંકમાં કારણ તથા જવાબના પત્ર નંબર / તારીખ | : | |

તૈયાર કરનાર કર્મચારીનું પુરૂ નામ / પુરી સહી.

સક્ષમ અધિકારીનું પુરૂ નામ અને હોદ્દો
અધિકારીની સહી અને સિકકો

(શાળા મારફત)

પ્રમાણપત્ર ક્રમાંક:...............

सत्यमेव जयते

ગુજરાત સરકાર

પરિશિષ્ટ-૨

## સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેનું જાતિ પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/શ્રીમતી/કુમારી ................................. તે શ્રી ...........................ના પુત્ર/પુત્રી છે. તેઓ ગામ/નગર સુરત તાલુકો સુરત જિલ્લો સુરત ના રહેવાસી છે. તેઓ ગુજરાત સરકારના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તા.૦૧/૦૪/૧૯૭૮ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ તેમજ ત્યાર બાદ ના વખતો વખત બહાર પાડવામાં આવેલ સુધારાથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે જાહેર કરેલ જાતિઓ/વર્ગો/ સમુહો પૈકી ..........................જાતિના છે.

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતી, સુરત

સ્થળ: સુરત

તારીખ :

રજુ કરેલ આધારની વિગત :

૧. અરજદારનું BONAFIDE શાળા: ____________________

વિ.જ.ર.નંબર: ____________________ તારીખ : ____________________

૨. અરજદારના પિતા/કાકા/ફોઇ/દાદાનું SLC શાળા____________________

વિ.જ.ર.નંબર: ____________________ તારીખ : ____________________

૩. રહેઠાણનો પુરાવો:____________________

૪. અન્ય પુરાવા : ____________________